# વાવોલમાં ત્રણ મજલાનું શેલ્ટર હોમ રૂ. ૫.૪૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે

**ત્રણ મજલાનું આ શેલ્ટર હોમ બનશે. જેમાં ૪૦૦ જેટલા લોકો રહી શકે તેવી વ્યવસ્થા હશે. ૬૬૪ ચો.મી.નો એક ફ્લોર બનશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામે આવેલ ગુડાના ફાયનલ પ્લોટ નં. ૩૦૪ની ૧૪૭૭ ચો.મી. જગ્યામાં મનપા શેલ્ટર હોમનું નિર્માણ કરશે.

ગાંધીનગર મનપાની ગઈકાલે મળેલ સામાન્ય સભામાં આ અંગેના ટેન્ડરને બહાલી આપવામાં આવી છે. રૂ. ૫ કરોડ ૪૦ લાખના ખર્ચે આ શેલ્ટર હોમ બનાવવામાં આવશે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે ત્રણ મજલાનું આ શેલ્ટર હોમ બનશે. જેમાં ૪૦૦ જેટલા લોકો રહી શકે તેવી વ્યવસ્થા હશે. ૬૬૪ ચો.મી.નો એક ફ્લોર બનશે.

ગાંધીનગર શહેરમાં શેલ્ટર હોમ અગાઉ સરગાસણ-કુડાસણ વિસ્તારમાં બનાવવાનું હતુ પરંતુ વિવાદ થતાં તે નિર્ણય રદ કરવામાં આવ્યો હતો. આ પછી નવી જગ્યા શોધવામાં આવી છે. હવે વાવોલમાં તે બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શેલ્ટર હોમ માટેના નિર્માણનો જે અંદાજ રાખવામાં આવ્યો હતો તેના કરતાં ૨૯ ટકા ઊંચુ ટેન્ડર આવતાં પણ મનપાએ તેને મંજૂરી આપી છે.

સામાન્યતઃ ૨૫ ટકાથી ઊંચા આવતા ટેન્ડરોમાં સરકાર સાથે પરામર્શ કરી નિર્ણય લેવાતો હોય છે. જોકે કોરોના કાળ પછી વધેલા ભાવોને પગલે મોટાભાગના કામોમાં ટેન્ડર ઊંચા ભાવ ભરાઈને આવી રહ્યાનું પણ મનપાના સૂત્રોએ સ્વીકાર્યુ છે.



પ્રતિક્રમણ - જાત ભણી પાછા વળવાની આ પરંપરા માત્ર જૈન પરિવાર માટે જ નહિ સમગ્ર સમાજ જીવન માટે ખૂબ જ ઉપયોગી અને અનિવાર્ય છે... નાની-મોટી ભૂલોનો સ્વીકાર કરવો... અને સામેની વ્યક્તિની ક્ષમા માગવી આ જ જાત ભણી જવાનો સરળ માર્ગ છે... અહમ્‌માંથી અર્હમ તરફ વિચાર, વાણી અને વર્તનને લઈ જવા ખૂબ જ અઘરા છે... આપણી ભારતીય સંસ્કૃતિ અને વિશેષ કરીને જૈનશાસ્ત્ર આ દિશમાં સૌને આંગળી ચીંધે છે... સંવત્સરીના અંતિમ ચરણે અર્થાત તપશ્ચર્યાના અંતે પ્રતિક્રમણ યોજાય છે... બુધવારે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે શહેરના જૈન પરિવારો મોટી સંખ્યામાં પ્રતિક્રમણમાં જોડાયા હતા... મિચ્છામી દુક્કડમ્.....

# શહેરમાં જુના વિસ્તારમાં ડહોળા પાણીની સમસ્યા

**ગ્રામ્ય વિસ્તારમાં ક્લોરીનેશન માટે ૮૫ લાખ મનપા ખર્ચ કરશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં શુધ્ધ પીવાનું પાણી પુરૂ પાડવા માટે મનપા દ્વારા રૂ. ૮૫ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરની હદ વધ્યા પછી ગ્રામીણ વિસ્તારોમાં આવેલી ૪૧ જેટલી પાણીની ઓવર ટેન્કમાં ડોઝીંગ સિસ્ટમથી ક્લોરીનેશનની કામગીરી માટે આ ખર્ચ કરવામાં આવનાર છે.

ગાંધીનગર મનપાની ગઈકાલે મળેલ સ્થાયી સમિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેનું ટેન્ડર પણ ૪.૫ ટકા જેટલુ ઉંચુ ભરાઈને આવ્યુ છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે આ ટેન્ડરને શરતી સ્વીકૃતિ આપવામાં આવી છે. આ કામગીરીનું સતત પરીક્ષણ કરવામાં આવશે તેમજ એન્ડ પોઈંટ પર જો શુદ્ધ પાણી નહિ મળે તો એજન્સી સામે દંડનીય કામગીરી કરવામાં આવશે.

ગ્રામીણ વિસ્તારમાં શુદ્ધ પેયજળનો પુરવઠો પુરો પાડવા મનપા આજે પણ કટિબદ્ધ છે. આ ગામોમાં નર્મદાનું પાણી આપવામાં આવી રહ્યુ છે.

શહેરના જુના વિસ્તારમાં હાલ ડહોળા પાણીની સમસ્યા વિકરાળ બનીને ઉભરી આવી છે. દર વખતે ચોમાસા પછી આ સ્થિતિ થાય છે.

નર્મદાનું પાણી લીધા બાદ તેનુ ક્લોરીનેશન કામગીરી કરવાની મશીનરી જુની થઈ ગઈ છે. શહેરમાં પાણીની માંગ વધી છે અને મશીનરીની ક્ષમતા પણ હવે તેટલી રહી નથી. દર વખતે સુજલામ સુફલામના કાર્યક્રમની ઘોષણા વખતે આ પ્લાન્ટની ક્ષમતા વધારવાની વાતો થાય છે પરંતુ અમલીકરણમાં ક્યાં અટવાઈ જાય છે તે હજુ નગરજનો માટે વણઉકલ્યુ રહસ્ય રહ્યુ છે.

# સ્વચ્છતાને ટેવ બનાવવા પાટનગરમાં પાયલોટ પ્રોજેક્ટ

**સે. ૧ થી ૫ અને ઈન્ફોસીટી વિસ્તારના ૧૩ હજાર મિલ્કતધારકોને સુકો-ભીનો કચરો અલગ તારવવા એન.જી.ઓ. હવે છ મહિના અભિયાન કરશે, મનપા મહિને ૨૭ લાખનો અંદાજિત ખર્ચ આ માટે કરશે**

ગાંધીનગર, તા. ૩૧

ક્લીન સીટીનો એવોર્ડ જીતનાર ગાંધીનગર શહેરે હવે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૨માં પણ તેની આગેકૂચ જાળવી રાખવા માટે તેમજ વેસ્ટ સેગ્રીગેશનને ટેવમાં પરિવર્તિત કરવા એક એન.જી.ઓ.ને કામગીરી સોંપવાનો નિર્ણય કર્યો છે.

સે. ૧ થી ૫ અને ઈન્ફોસીટી વિસ્તારમાં આ અંગે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. ગઈકાલે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં ૬ માસ માટે આ અંગેના જાગૃત્તિ અભિયાન અંગે એન.જી.ઓ.ને માસિક રૂ. ૨૭ લાખના ખર્ચે કામગીરી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સે. ૧ થી ૫ અને ઈન્ફોસીટી વિસ્તારની ૧૩ હજાર જેટલી મિલ્કતોને આ પાયલોટ પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવશે. એન.જી.ઓ. આ વિસ્તારના મિલ્કતધારકોને સૂકો કચરો અને ભીનો કચરો અલગ તારવવા માટે સતત જાગૃત્તિ અભિયાન ચલાવશે.

૬ મહિનાના આ અભિયાનના અંતે સમીક્ષા કરવામાં આવશે અને તે પછી આ એજન્સીને સમગ્ર શહેરમાં આવુ અભિયાન હાથ ધરવાની કામગીરી સોંપવી કે કેમ તે વિશે નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાંથી હાલ ૧૩૫ ટન જેટલો દૈનિક કચરો ઉત્પન્ન થાય છે. ભીનો કચરો અને સૂકો કચરો અલગ કરી આપવા મ્યુનિ. કમિશનરે તાકીદ કરી હતી અને કેટલાક દિવસો સુધી અલગ કચરો નહિ કરાયેલ કચરો નહિ સ્વીકારવાનો નિર્ણય કરી વાહનો વિસ્તારોમાં જતા બંધ કર્યા હતા. આ અંગે શહેરમાં આંદોલન પણ થયુ હતુ પરંતુ પાછુ બધુ ઠરી ગયુ હતુ. જો કે શહેરમાં સુકો અને ભીનો કચરો અલગ કરી આપવાની કામગીરી ઘણા બધા પરિવારોએ શરૂ કરી દીધી હતી અને લગભગ ૮૦ ટન સુધી કચરો અલગ થયેલો મળવાનુ શરૂ થયુ હતુ જે નોંધનીય છે.

ગાંધીનગર શહેરમાં મેયરે પણ નવા વિસ્તારો સહિત અલગ અલગ ડસ્ટબીન ફાળવવા માટે ગ્રાન્ટ પણ ફાળવી હતી. જે નોંધનીય છે.

આ પછી તાજેતરમાં ડે. મેયરના નેતૃત્વમાં મનપાની એક ટીમ ઈન્દોર ગઈ હતી ઈન્દોર સ્વચ્છતા અભિયાનમાં સતત પ્રથમ રહી છે. તેણે સ્વચ્છતા માટે તેમજ વેસ્ટ કલેક્શનની જાગૃત્તિ માટે એક એન.જી.ઓ.ને જવાબદારી સોંપી હોવાનું જણાવ્યુ હતુ.

આ પછી મનપાની આ ટીમે પણ ગાંધીનગર પરત ફરી અને કચરાનો અલગ કરી એકત્ર કરવામાં આવે તો તેના નિકાલની કામગીરી ઝડપી બની શકે તે બાબતે સઘન ચર્ચા વિચારણાને અંતે આ ઈન્દોર પેટર્ન પર આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

મનપાની ડમ્પીંગ સાઈટનો મુદ્દો હજુ વણ ઉકલ્યો રહ્યો છે. ઘન કચરાના નિકાલની કામગીરી હજુ ધીમી ગતિએ ચાલી રહી છે. અગાઉની ડમ્પીંગ સાઈટ પર ગાર્ડન બનાવવાની વાત પણ વિસરાઈ ગઈ છે.

બીજી તરફ આઉટગ્રોથ વિસ્તારમાંથી કચરો કલેક્શન કરી ગાંધીનગર મનપાની ડમ્પીંગ સાઈટ પર લાવી તેનુ સેગ્રીગેશન કરવાની કામગીરીનો ખર્ચ ઔડા આપશે તેને લઈ પણ સૈદ્ધાંતિક નિર્ણય ગઈકાલની સ્થાયી સમિતિમાં લેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવાની વાતો હવે કેટલી સફળ થાય છે તે સ્વચ્છતા સર્વેક્ષણમાં જ જાણવા મળશે. મનપા દ્વારા બનાવવામાં આવેલા શૈચાલયોની મરામત અને જાળવણી પણ ચર્ચાસ્પદ મુદ્દા તરીકે નગરમાં પ્રકાશમાં આવી ચુક્યો છે. જે પણ ઉલ્લેખનીય છે.

# ગુડાના આવાસો નજીક દુકાનોમાં લાભાર્થીઓ ફેરફાર કરી શકશે નહી

**દુકાનો ખરીદનાર લાભાર્થી પાર્ટીશન કરવા સહીત હેતુફેર કરવાના મામલે મનાઇ : જે હેતુથી દુકાન ફાળવવામાં આવી હોય તે મુજબ જ ઉપયોગ કરવાનો રહેશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્મિત ગુડાના આવાસોને અનુલક્ષીને દુકાનો બાંધવામાં આવી છે. જેમાં લાભાર્થીઓને નજીકમાંથી જ નાની મોટી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તેના માટે આ દુકાનો બાંધવામાં આવી છે. જયારે આ દુકાનોની ફાળવણી કરવામાં આવ્યા બાદ દુકાનો ખરીદીને હેતુફેર થતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. અલબત્ત દુકાન ખરીદનાર મનફાવે તેમ ફેરફાર કરી નાંખતા મુળ હેતુને નુકશાન થવા સહીત માળખુ બદલવા તેમજ ગમે તેમ પાર્ટીશન કરી દેવા મનાઈ ફરમાવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજ અને રાયસણ આવાસ યોજનાને અનુલક્ષી નજીકમાં જ દુકાનો બાંધવામાં આવી છે. જયારે આ દુકાનો પણ જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવી છે. જો કે આ દુકાનોના ઉપયોગ દરમિયાન હેતુફેરની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ ફરિયાદને અનુલક્ષી ગુડાએ એકશન લેવાનુ નક્કી કર્યુ છે. અગાઉ ગુડાની બોર્ડ બેઠકમાં હરાજીથી વેચાણ કરવાની દુકાનોની શરતોમાં જરૂરી સુધારા કરવાનો મુદ્દો પણ ચર્ચાસ્થાને રહ્યો હતો. જયારે બેઠકમાં આ ચર્ચાના અંતે ગુડા કક્ષાએથી દુકાન ખરીદનાર લાભાર્થીને જે હેતુથી દુકાનની ફાળવણી કરવામાં આવી છે. આ સિવાયના હેતુ માટે દુકાનનો ઉપયોગ કરી શકશે નહીં. આ ઉપરાંત દુકાનના ભૌતિક માળખામાં વધારો કે સુધારો અલબત્ત કોઈપણ જાતનો બદલાવ કરવા માટે પણ મનાઈ કરી દેવામાં આવી છે.

જયારે શહેરી વિકાસ સત્તા મંડળની પરવાનગી વિના તેનુ વેચાણ ન કરવા માટે જણાંવાયુ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય આપના નેતા મનોજ સોરઠીયા પર જીવલેણ હુમલો

**પાર્ટીએ ભાજપ પર લગાવ્યો આરોપ : હું ગુજરાતના મુખ્યમંત્રીને અપીલ કરું છું કે ગુનેગારોને કડકમાં કડક સજા આપવામાં આવે અને રાજ્યમાં દરેકની સુરક્ષા કરે : કેજરીવાલ**

સુરત,તા.૩૧

સુરત આપ નેતા અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા પર



જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. હથિયારો વડે હુમલો કરી દેવાતા માથા અને અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતમાં સીમાડા નાકા ખાતે મનોજ સોરઠીયા પર હુમલો થતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. આ સમગ્ર મામલે આપના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને જણાવ્યું કે, 'વિપક્ષના લોકો પર આ રીતે હુમલો કરવો યોગ્ય નથી. ચૂંટણીમાં હાર-જીત થતી રહે છે, પરંતુ વિપક્ષને હિંસાથી કચડી નાખવું એ ગુજરાતની સંસ્કૃતિની વિરુદ્ધ છે અને લોકોને ગમતું નથી.

હું ગુજરાતના સીએમને અપીલ કરું છું કે ગુનેગારોને કડકમાં કડક સજા આપવામાં આવે અને દરેકની સુરક્ષા કરે. આ ઉપરાંત આપના ચીફ મીડિયા કો-ઓર્ડિનેટર વિકાસ યોગીએ પણ ટ્વીટ કરીને ભાજપ પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વીટમાં જણાવ્યું કે, ભાજપના ગુંડાઓએ આપ ગુજરાતના જનરલ સેક્રેટરી મનોજ સોરઠીયા પર હુમલો કર્યો છે. ભાજપવાળાઓ આપ ગુજરાતમાં તમને જરૂર હરાવશે.

મીડિયા રિપોર્ટ અનુસાર સુરત શહેરમાં સરથાણા સીમાડા નાકા પર ગણેશ પંડાલની મુલાકાતે ગયેલા મનોજ સોરઠીયા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો. ગંભીર ઈજા થવાને કારણે તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

# સંક્રમણ ઘટ્યુ : શહેરમાં ૪ કેસ કોરોનાના નોંધાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત ઘટી રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૪ કેસ નોંધાયા છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૫ દિવસ બાદ '૦' કેસ હોવાથી તંત્રએ આજે રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં પણ હવે સંક્રમણ ઘટ્યુ હોવાનો આડકતરો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં આજે સરગાસણમાંથી ૨ કેસ તેમજ સે. ૭ અને બોરીજમાંથી કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

# ભાજપે મને ૫૦ કરોડની ઓફર કરી : સુખરામ રાઠવા

**વિપક્ષ નેતા સુખરામ રાઠવાનુ નિવેદન : બીજેપી પ્રવક્તા યમલ વ્યાસે કહ્યુ કે કોંગ્રેસ પાર્ટીમાં હાર દેખાવવાથી ડરનો માહોલ છે**

ગાંધીનગર ,તા.૩૧

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા તડજોડની મોસમ જામી છે. કોંગ્રેસમાંથી ભાજપમાં અને ભાજપમાંથી છઈઁમાં નેતાઓની રીતસર જાણે હેરાફેરી જ થઈ રહી છે. આ સાથે ખરીદ વેચાણના પણ આરોપ થઈ રહ્યા છે. ત્યારે બોડેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ સમક્ષ સુખરામ રાઠવાએ આપેલું ચર્ચાસ્પદ નિવેદન હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે.

વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે કોંગ્રેસના વિપક્ષ અને આદિવાસી નેતા સુખરામ રાઠવાએ દાવો કરતાં મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભાજપ પર આરોપ લગાવતા કહ્યું છે કે ભાજપે ૫૦ કરોડ રૂપિયાની ઓફર કરી હતી. સાથે જ મંત્રીપદ માટે પણ કહેવાયું હતું. અને હું હારી જઉં તો મને બોર્ડ નિગમ આપવાની પણ વાત કરી હતી. ચૂંટણીનો તમામ ખર્ચ ઉપાડવાની વાત રજૂ કરવામાં આવી હતી. વિપક્ષ નેતા સુખરામ રાઠવા નિવેદન મુદ્દે ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભાજપ તરફથી પ્રતિક્રિયા આપતા પ્રવક્તા યમલ વ્યાસે વળતો જવાબ આપ્યો કે કોંગ્રેસમાં ડર છે. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમને ભય દેખાઈ રહ્યો છે. જનતા હવે કોંગ્રેસને જાકારો આપશે. કોંગ્રેસની બોટ ડુબી રહી છે. રાઠવાના આરોપો તથ્ય વગરના રાજનીતિને પ્રેરિત છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# વનતંત્ર દ્વારા કામગીરીના અંતે લાંબા સમય બાદ પણ કોન્ટ્રાકટર્સને બીલની ચુકવણી ન થતા આક્રોશ

**હોટલ લીલા પાસે વડવનના નિર્માણ માટે ખાડા ખોદવા સહીત કર્બિંગ બ્લોક અને ફેન્સીંગની કામગીરી કરવામાં આવી હતી : અનેક રજુઆતોના અંતે પણ બીલની રકમ ન ચુકવાતા નાના કોન્ટ્રાકટર્સની દયાજનક સ્થિતિ**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી મેનપાવર અને ગ્રાન્ટના અભાવે વન વિભાગની કામગીરી પર વિપરિત અસર જોવા મળી રહી છે. આ સ્થિતિ વચ્ચે વન વિભાગ હસ્તકના વિવિધ કાર્યક્રમો તેમજ કામગીરીના અંતે સંબંધિત એજન્સીને લાંબા સમયથી બીલની રકમ પણ ચુકવવામાં આવતી ન હોવાનો રોષ પ્રવર્તયો છે. વડવનના નિર્માણ સહીત અન્ય કાર્યક્રમના આયોજન સંદર્ભે લાંબા સમયના અંતે પણ એજન્સીને જરૂરી રકમનુ ચુકવણુ થયુ નથી. મહાત્મા મંદિર પાસે સ્થિત લીલા હોટલ નજીક વડવન ઉભુ કરવા ઉપરાંત ફેન્સીંગ અને કર્બિંગનુ કામ કરવામાં આવ્યુ હતુ. જયારે બીટ ગાર્ડની ભરતીના કાર્યક્રમના અંતે પણ વનતંત્રએ હજુ સુધી સંબંધિત એજન્સીને કાવડિયા ચુકવ્યા નથી. જેના લીધે કામ કરનાર એજન્સીના કોન્ટ્રાકટર્સ પણ મુંઝવણમાં મુકાયા છે.

શહેરમાં વનતંત્ર કક્ષાએથી સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીત જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે પણ સમયાંતરે કામ હાથ ધરવામાં આવતુ નથી ત્યારે મેનપાવરની સાથે નાણાંકીય જોગવાઈ ન હોવાનો ગણગણાટ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં શહેરમાં હરિયાળી નિખારવા ઉપરાંત વડવન ઉભા કરવા સહીત વનતંત્રના બીટગાર્ડની ભરતી કાર્યક્રમના આયોજન સંદર્ભે મંડપ લાઈટીંગ સહીતની કામગીરી કરનાર સંબંધિત એજન્સીઓને હજુ સુધી બીલની રકમનુ ચુકવણુ થયુ નથી. અગાઉ વડવન ઉભુ કરવા માટે સે-૨૮ માં સ્થળ પસંદગી કરવામાં આવી હતી. જયારે ઉચ્ચ કક્ષાએથી મળેલી સુચનાના અંતે ગત માર્ચ મહીનામાં હોટલ લીલા પાસે ખાડા ખોદવા સહીત પ્લાન્ટેશન ફેન્સીંગ તેમજ કર્બિંગના પાકા બ્લોક નાંખવાની કામગીરી પણ સંબંધિત એજન્સી કક્ષાએથી કરવામાં આવી હતી.

જો કે આ કામગીરી પુર્ણ થયા બાદ હજુ સુધી ૬ મહીનાના અંતે પણ કામ કરનાર એજન્સીને બીલની રકમ ચુકવાઈ ન હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. આ મામલે જિલ્લા વન તંત્રની કચેરી કક્ષાએથી પણ વારંવાર સુધારા મંગાવી કામ કરનાર એજન્સીને એક યા બીજા બહાને બીલની રકમ ચુકવાતી ન હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસ સબ-ઈન્સ્પેકટરની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર

**૧૩૮૨ જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવી હતી**

ગાંધીનગર, તા.૩૧

પાછલા વર્ષે ડિસેમ્બરમાં શરુ કરવામાં આવેલી ગુજરાત પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. ૧૩૮૨ જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવી હતી અને તેના માટે શારીરિક અને લેખિત પરીક્ષાનું વિવિધ તબક્કામાં આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષાના કટ-ઓફ ગુણ જાહેર કરાયા પછી હવે ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. મહત્વનું છે કે ચાલુ મહિનામાં તારીખ ૧૩ ઓગસ્ટે દસ્તાવેજ ચકાસણીની કામગીરી પૂર્ણ કરાયા પછી બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ઈન્ટેલીજન્સ ઓફિસર, હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર માટે કટ-ઓફ માર્ક્સ જાહેર કરવામાં આવ્યા છે.

ભરતી પ્રક્રિયા અંગે આપીએસ અધિકારી વિકાસ સહાયે જણાવ્યું છે કે, પીએસઆઈ ભરતી અંગેનું કામચલાઉ કટ-ઓફ લિસ્ટ વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં જનરલ કેટગરીનું પુરુષોનું બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (યુપીએસઆઈ) માટે કટ-ઓફ ૩૨૨એ અટક્યું છે, જ્યારે મહિલા ઉમેદવારો માટે ૨૮૦.૫૦એ અટક્યું છે. આ સિવાય ઈડબલ્યુએસ પુરુષ ઉમેદવારો માટે ૩૧૭.૫૦ અને મહિલા ઉમેદવારો માટે ૨૭૨.૫૦ પર અટક્યું છે. આજ રીતે એસઈબીસી પુરુષ ઉમેદવાર માટે ૩૧૮ અને મહિલા ઉમેદવાર માટે ૨૭૫.૫૦એ અટક્યું છે. એસસી પુરુષ ઉમેદવારોનું કટઓફ જનરલ કરતા ઊંચું રહ્યું છે, જે ૩૨૫.૭૫ પર અટક્યું છે, મહિલા ઉમેદવારોનું મેરિટ ૨૬૦.૭૫ રહ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com